ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં.(૦૨૮૩૨)૨૩૫૦૦૨, ૨૯૩૯૧૧
ફેક્સ નં.(૦૨૮૩૨) ૨૩૫૦૧૨
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org
વેબ-kskvkachchhuniversity.org

રેફ. નં.: કયુ/E.C.-મિનિટ્સ/૦૯/૧૧૭૨ - ૧૧૮૫     તા.૧૯/૫/'૦૯

પ્રતિ,

ડૉ. કે. બી. ગોર,
કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી,
ભુજ.

**વિષયઃ-** તા.૧૩/૦૫/'૦૯ નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એકિઝકયુટીવ કાઉન્સિલની સભાની મિનિટ્સ નોંધ.

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૩/૦૫/'૦૯ના રોજ એકઝીકયુટીવ કાઉન્સિલની સભા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ૧૧:૩૦ કલાકે યોજાયેલ. આ સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

**બિડાણ : મિનિટ્સ નોંધ.**

**નકલ રવાનાઃ**
૧. માન. કુલપતિશ્રીના અંગત મદદનીશ તરફ માન. કુલપતિશ્રીના ધ્યાન પર મુકવા સારૂ.
૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ
૩. ફાઈલે

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૩/૦૫/'૦૯ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :**

આજ રોજ તા.૧૩/૫/'૦૯ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ<br>મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજ્યુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર,<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| ડૉ. દર્શનાબેન ધોળકીયા,<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન. | હાજર |
| ડૉ. બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર ભવન, | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી,<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>સેક્રેટરી | હાજર |

૧. **ગત મિનિટ્સનું વાંચન અને બહાલી.**

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધને બહાલી આપવામાં આવેલ.

૨. **કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટયુટ, સાપેડામાં ચાલતા B.B.A. / B.C.A./M.S.W./ M.L.W. ના ૨૦૦૭–૦૮ તેમજ ૨૦૦૮–૦૯ ના જોડાણ અંગે વિચારણા કરવા બાબત :–**

એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં તા. ૮/૧૨/૦૮ ના ઠરાવના અનુસંધાને એસ.આર.કે. ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એજ્યુકેશન ખાતે ચાલતા B.B.A., B.C.A., અભ્યાસક્રમ તેમજ એસ.આર.કે. ઇન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સ ખાતે ચાલતાં M.S.W.,

M.L.W., અભ્યાસક્રમના અનુંસંધાને કર્મનિકેતન ટ્રસ્ટ, ગાંધીધામને તા.૦૧/૦૧/૨૦૦૯નાં રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭/૦૮ તથા શૈક્ષણિક વર્ષ ૨૦૦૮/૦૯ના જોડાણ અંગેની કાર્યવાહી બાબતે નોટીશ આપવામાં આવેલ તે નોટીશ અને તે સાથેના તમામ દસ્તાવેજો અને કર્મનિકેતન ટ્રસ્ટ, ગાંધીધામ સંસ્થા તરફથી ઉપર્યુક્ત નોટીશના અનુંસંધાને તા.૨૭/૦૧/૨૦૦૯ નાં રોજ રજૂ કરેલ જવાબ વંચાણે લેવામાં આવેલ સાથે એકેડમિક કાઉન્સિલની તા.૧૩/૦૩/૨૦૦૯ ના રોજ મિટિંગમાં ઠરાવ નં.૧ તેમજ અન્ય ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ નો ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ :–૧ **કર્મનિકેતન ટ્રસ્ટ, ગાંધીધામ સંસ્થાને અપાયેલ નોટીસ, તેનો જવાબ, એકેડમિક કાઉન્સિલનો સંબંધિત ઠરાવ વગેરે દસ્તાવેજો જોયા બાદ અને પુખ્ત ચર્ચા–વિચારણા કર્યા બાદ જો સંસ્થા નીચેની શરતોની પૂર્તતા કરે તેમજ જરૂરી બાંહેધરીઓ આપે તો સંસ્થાના અભ્યાસક્રમોનું જોડાણ રદ્દ ન કરતાં સંસ્થા ચાલુ રહે તે માટે એક મોકો આપવામાં આવે તો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવે છે.**

**: શરતો :**

૧) કર્મનિકેતન ટ્રસ્ટ, ગાંધીધામના ચેયરમેનશ્રી અરજણભાઇ કાનગડ તા.૦૫/૧૨/૨૦૦૮ નાં રોજ યુનિવર્સિટી કોર્ટ હોલમાં બનેલ ઘટનાની જવાબદારી સ્વીકારી યુનિવર્સિટી અધિકારીશ્રીઓની પ્રતિષ્ઠિત અખબારોમાં દિન–૧૦માં અખબારી માફી માંગે અને ભવિષ્યમાં આવી કોઇ ઘટના નહી બને તેની યુનિવર્સિટીને લેખિતમાં બાંહેધરી આપે.

૨) કર્મનિકેતન ટ્રસ્ટ, ગાંધીધામ દ્વારા શરૂ થયેલ B.B.A., B.C.A., M.S.W., M.L.W., અભ્યાસક્રમોની સંસ્થા શરૂ થયા વર્ષથી યુનિવર્સિટી દ્વારા નીયત કરવામાં આવેલ ફી ઉપરાંત પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પાસેથી કેપીટેશનફી/ડોનેશન સ્વરૂપે કે અન્ય જે સ્વરૂપે વધારાની ફી લેવામાં આવેલ છે તે આજ દિન સુધીના દરેક વિદ્યાર્થી પાસેથી લેવાયેલ રકમ યુનિવર્સિટીમાં ડીમાન્ડ ડ્રાફ્ટથી સંસ્થા દ્વારા દિન–૧૦ માં જમા કરાવવામાં આવે અને વિદ્યાર્થીઓનું લીસ્ટ યુનિવર્સિટીને આપવામાં આવે. લીસ્ટમાં વિદ્યાર્થીનું નામ ન હોય તેમ છતાં વિદ્યાર્થી દ્વારા કોલેજ દ્વારા વધુ ફી લેવાઇ છે તેવી રજૂઆત કરવામાં આવે તો તે વિદ્યાર્થીને ચુકવવાની થતી રકમની જવાબદારી પણ સંસ્થાની રહેશે. યુનિવર્સિટી જે તે વિદ્યાર્થી ને વધુ લેવાયેલ ફી ની રકમ પરત આપવાની પ્રક્રિયા કરશે.

વધુમાં યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ફી કરતા વધુ રકમ હવે પછી કયારેય સંસ્થા દ્વારા લેવામાં આવશે નહી તેની લેખિતમાં બાંહેધરી આપે.

૩) સંસ્થા દ્વારા નામદાર હાઇકોર્ટમાં જે કેસ / કેસો દાખલ કરવામાં આવેલ છે તે કેસ/કેસો વગર શરતે દિન–૧૦માં સંસ્થાને પરત ખેંચી લેવાના રહેશે. વધુમાં સંસ્થા દ્વારા યુનિવર્સિટી ઉપર જે કેસો

દાખલ કરવામાં આવ્યા છે તે કેસો માટે યુનિવર્સિટી દ્વારા ચુકવાયેલ વકીલની ફી તથા અન્ય પરચુરણ ખર્ચ મળીને કુલ્લ ખર્ચ સંસ્થાએ દિન–૧૦માં યુનિવર્સિટીમાં જમાં કરાવવાનો રહેશે.

૪) સંસ્થા દ્વારા રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર યુનિવર્સિટી અને સરકારશ્રીની તમામ જોડાણોની શરતોનો ચૂસ્તપણે અમલ કરવામાં આવશે તેવી બાંહેધરી દિન–૧૦માં આપવાની રહેશે. આ જોડાણની શરતોનો હવે પછી જો ભંગ કરવામાં આવશે તો એકિઝકયુટીવ કાઉન્સિલ જે નિર્ણય કરે તે સંસ્થાને માન્ય રહેશે તેવી બાંહેધરી દિન–૧૦માં આપવાની રહેશે.

૫) ખુટતા શિક્ષકો અને સંસ્થાની અન્ય અધુરાશો દિન–૧૦માં સંસ્થાને પૂરી કરવાની ખાતરી સાથે બાંહેધરી આપવાની રહેશે.

૬) સંસ્થા દ્વારા ઉચ્ચ કક્ષાએ, મહામહિમ કુલાધિપતીશ્રીના કાર્યાલય, રાજય સરકાર સાથે, અન્ય કાઉન્સિલો સાથે ખોટા પત્રવ્યવહાર કરીને યુનિવર્સિટીને બદનામ કરવામાં આવેલ છે અને યુનિવર્સિટીનીની જે પ્રતિભા ખરડાવવામાં આવેલ છે તે બદલ સંસ્થાને રૂા. એકનો દંડ કરવામાં આવે છે. આ દંડ સંસ્થાએ દિન–૧૦માં યુનિવર્સિટીમાં કરાવવાનો રહેશે.

૭) કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત કોલેજોમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળે કે આપવામાં આવે તે તમામ વિદ્યાર્થીઓની યુનિવર્સિટી દ્વારા નિયત થયેલી ફી દરેક ટર્મ દીઠ સ્વીકારવાની વ્યવસ્થા યુનિવર્સિટી કરશે જેની સૂચનાઓનું પાલન સંસ્થાએ કરવાનું રહેશે. યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની જમા થયેલ ફી સંસ્થાને પરત આપશે તેવી બાંહેધરી દિન–૧૦ માં યુનિવર્સિટીને આપવાની રહેશે.

આ તમામ શરતો યુનિવર્સિટી દ્વારા સંસ્થાને જણાવવામાં આવે.આ તમામ શરતોનું ૧૦૦% પરિપાલન સંસ્થા દ્વારા નિયત સમયમર્યાદામાં કરવામાં આવે. સંસ્થા દ્વારા શરતોનું પરિપાલન થયું છે કે નહિં તે જોવા માટે કુલપતીશ્રી સાથે નીચેના સભ્યશ્રીઓની એક સમિતિ રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. કે.વી. ગોર | – | અધ્યક્ષશ્રી |
| | (માનનીય કુલપતીશ્રી) | – | |
| ૨. | ડૉ. તુષારભાઈ હાથી | – | સભ્યશ્રી |
| ૩. | શ્રી અનિરુદ્ધભાઈ દવે | – | સભ્યશ્રી |
| ૪. | શ્રી ચિન્મોય બેનર્જી | – | સભ્યશ્રી |

સંસ્થા દ્વારા તા તમામ શરતોનું દિન–૧૦ માં જો પરિપાલન કરવામાં આવે તો કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત B.B.A., B.C.A., M.S.W. , M.L.W., અભ્યાસક્રમો સંબંધી જોડાણ બાબતે અંતીમ નિર્ણય લેવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને સોપવામાં આવે છે.

સંસ્થા આ શરતો સ્વીકારવાની ના પાડે તો ત્યાર પછીની કાર્યવાહી હાથ ધરવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે. તેવું ઠરાવવામાં આવે છે.

૩. યુનિવર્સિટી સ્ટેચ્યુટ–૮૯ ની કલમ ૧ મુજબ **Bord Of University Teaching and Research** ની રચાયેલ સમિતી દ્વારા કરવામાં આવેલ ભલામણો બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય.

ઠરાવ :–૨ **BUTR** ની તા.૧૩/૪/૨૦૦૯ તથા તા. ૨૩/૪/૨૦૦૯ ના રોજની મિટિંગમાં થયેલ ઠરાવો અને બોર્ડ દ્વારા કરવામાં આવેલ ભલામણોને ચર્ચા વિચારણાના અંતે બહાલ રાખવામાં આવે છે અને બોર્ડને સ્ટેચ્યુટ્સ દ્વારા સોપવામાં આવેલ કાર્યો કરવા માટે અને નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા સોંપવામાં આવે છે.

૪. સેલ્ફ ફાઇનાન્સના ધોરણે અભ્યાસક્રમો શરૂ કરવા બાબતે અધ્યાપકશ્રીઓને ચૂકવવાના થતા પગાર, વિદ્યાર્થીઓ પાસેથી લેવાની થતી ફી, અન્ય ખર્ચ વગેરે બાબતે નીમાયેલ સમિતીના અભિપ્રાય અને કરાયેલ ભલામણ બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય.

ઠરાવ :–૩ યુનિવર્સિટી દ્વારા સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમો શરૂ થઈ રહ્યા છે ત્યારે આવા અભ્યાસક્રમોમાં ભણાવતા અધ્યાપકશ્રીઓના પગાર ધોરણ, વિદ્યાર્થી પાસેથી લેવાની થતી ફી, અન્ય ખર્ચ વગેરે બાબતોએ થયેલ ચર્ચા વિચારણાના અંતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલ દ્વારા નીમાયેલ સમિતીએ આપેલ રીપોર્ટની ભલામણોનો સ્વિકાર કરવામાં આવે છે અને આ અભ્યાસક્રમો ઝડપથી શરૂ થાય તે માટે જરૂરી તમામ નિર્ણય લેવાની તમામ સત્તા માનનીય કુલપતીશ્રીને સોપવામાં આવે છે. સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં અમુક ટકા બેઠકો માટે **Scholarship** આપવામાં આવે. આ **Scholarship** જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આપવામાં આવે તે માટેના **Norms** ઘડવા એકેડમિક કાઉન્સીલને સત્તા આપવામાં આવે છે.

૫. વિદેશની યુનિવર્સિટી સાથે **M.O.U.** કરવા બાબત.

ઠરાવ :–૪ આ ક્ષેત્રના ઉચ્ચ શિક્ષણના વિકાસ અર્થે અને રીસર્ચ પ્રવૃતિને પ્રાધાન્ય મળે સાથે **Student Faculty Exchange Programme** વગેરે જેવા હેતુથી વિદેશની યુનિવર્સિટી સાથે **Memorandum of Understanding (M.O.U.)** કરવાની તમામ સત્તા માનનીય કુલપતીશ્રીને સોંપવામાં આવે છે.

૬. વીરાયતન ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી જખણીયામાં તા.૧૬/૮/૦૭ ના રોજ કહેવાતાં ઈન્ટરવ્યુ બાબતે તપાસ સમિતિના રીપોર્ટ અન્વયે ચર્ચા વિચારણા અને નિર્ણય.

(નોધઃ– એજન્ડામાં ઇન્ટરવ્યુની તારિખ શરત ચૂકથી ખોટી લખાયેલ છે અને ખરી તારીખ : ૧૬/૮/૦૭ હતી તેવી સ્પષ્ટતા રજીસ્ટ્રાર દ્વારા સભામાં કરવામાં આવી હતી.)

ઠરાવ :–૫ વીરાયતન ઇન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, જખણીયા મુકામે તા.૧૬/૮/૦૭ નાં રોજ કહેવાતાં ઈન્ટરવ્યુ બાબતે તપાસ સમિતિએ આપેલ રીર્પોટને આધારે આવા કોઈ ઇન્ટરવ્યુ થયા જ નથી તેવું પૂરવાર થાય છે. તપાસ સમિતિના રીપોર્ટ અનુસાર યુનિવર્સિટી એ કાર્યવાહી કરેલ છે, પરિણામે હવે અન્ય કોઇ કાર્યવાહી કરવાની થતી નથી તેવું આથી ઠરાવવામાં આવે છે.

૭. યુનિવર્સિટી પ્રથમ કોન્વોકેશન યોજવા બાબતે તારીખ તથા અન્ય તૈયારીઓ બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય.

ઠરાવ :–૬ યુનિવર્સિટીના પ્રથમ **Convocation** ની ઉજવણી ભવ્ય કાર્યક્રમ સાથે કરવી. આ માટે જરૂરી નિયમોનુસારની કાર્યવાહી યુનિવર્સિટીએ આરંભી દેવી. હાલ તુંરત તા. ૫/૯/૨૦૦૯ "શિક્ષકદિન" ના દિવસે આ કાર્યક્રમ રાખવાનો ઠરાવ કરવામાં આવે છે. આ માટે મહામહિમ કુલાધિપતીશ્રીના કાર્યાલય નો સંપર્ક સાધવો અને તારિખ ફાઇનલ કરવી.

૮. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે.......

૧, શ્રી પી.એમ.ભટ્ટનો એક્ઝિકયુટીવ કાઉન્સીલમાં બજાવેલી કામગીરી બદલ આભાર માનવા બાબત :

ઠરાવ :૭ યુનિવર્સિટી ના પ્રથમ એક્ઝિકયુટીવ કાઉન્સીલ અધિકારમંડળમાં શ્રી પી.એમ.ભટ્ટે બજાવેલી કામગીરી તેમજ તેમના દૂરંદેશીભર્યા સૂચનો, નિર્ણયો બાબતે યુનિવર્સિટી તેમની આભારી રહેશે. તેમના અનુભવનો લાભ યુનિવર્સિટીને મળતો રહે તેવો ઠરાવ કરવામાં આવે છે.

૨, B.Ed (ext) અભ્યાસક્રમ યુનિવર્સિટીમાં શરૂ કરવા બાબત :–

કચ્છ વિસ્તારની શાળાઓમાં Trained શિક્ષકો મળી રહે તે હેતુથી અને જેઓ Regular અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકતા નથી તેવા લોકો માટે B.Ed (ext) અભ્યાસક્રમ શરૂ કરવા માટે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ :–૮ યુનિવર્સિટી સંલગ્ન **B.Ed** કોલેજો સાથે ચર્ચા વિચારણા બાદ જરૂર જણાય તો **N.C.T.E.** ને **B.Ed (ext)** અભ્યાસક્રમ શરૂ કરવા દરખાસ્ત કરવા બાબતે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતીશ્રી ને સોંપવામાં આવે છે.

અન્ય કોઇ મુદ્દો ઉપસ્થિત ન થતાં સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

(Anil Gor)
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj - KACHCHH.